–: પ્રેસનોટ :–

અમદાવાદ શહેરમાં વેસ્ટર્ન રેલ્વે વિભાગ,અમદાવાદ દ્વારા શાહીબાગ ખાતે આવેલ અંડરબ્રિજની ઉપર રેલ્વે ટ્રેક પસાર થાય છે. જે ટ્રેકના નીચેના તથા ઉપરના ભાગે પાટાના સ્ટ્રેન્થનીંગનું તથા જર્જરીત પ્લેટો ખસેડીને નવી પ્લેટો લગાવવાનું કામકાજ કરવામાં આવનાર છે. આ અંગેની કામગીરી માટે અત્રેની કચેરીએથી તા.૧૮/૩/૨૦૨૬ ના રોજ પ્રેસ નોટ આપી મંજુરી આપવામાં આવેલ હતી.પરંતુ રેલ્વે વિભાગ દ્વારા ટ્રેનોની સતત અવર–જવરને કારણે સમયમર્યાદામાં કામગીરી પુર્ણ થઈ શકેલ ન હોય, આ કામગીરી વધુ **તા.૩/૪/૨૦૨૬ થી તા.૭/૪/૨૦૨૬ ના રોજે–રોજ ફકત દિવસના કલાક. ૧૨/૦૦ થી ૧૭/૦૦ વાગ્યા સુધી** કરવામાં આવનાર છે.

સદરહું કામકાજ દરમિયાન નીચે મુજબની વિગતે ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવનાર છે.

અ.નં.	વાહનોની અવર–જવર માટે પ્રતિબંધિત માર્ગ	વૈકલ્પિક માર્ગ
૧.	શાહીબાગ અંડરબ્રીજના ત્રણેય પ્રવેશ તેમજ નિકાસ માર્ગ તા.૩/૪/૨૦૨૬ થી તા.૭/૪/૨૦૨૬ સુધી રોજે રોજ ફકત દિવસના કલાક. ૧૨/૦૦ થી ૧૭/૦૦ વાગ્યા સુધી વાહન વ્યવહારની અવર–જવર માટે બંધ રહેશે.	**૧.** દિલ્હી દરવાજા તથા સુભાષબ્રીજ ઉપરથી આવતો ટ્રાફિક કે જેને એરપોર્ટ–ગાંધીનગર તરફ જવું છે તે વાહનો સુભાષબ્રીજના છેડે શિલાલેખ ફ્લેટ થઇ રિવરફ્રન્ટનો ઉપયોગ કરી રિવરફ્રન્ટ માર્ગ ડફનાળા થઇ એરપોર્ટ તેમજ ગાંધીનગર તરફ જઇ શકાશે. **૨.** એરપોર્ટ–ગાંધીનગર તરફથી આવતો ટ્રાફિક ડફનાળા રિવરફ્રન્ટનો ઉપયોગ કરી અલગ–અલગ માર્ગે જઇ શકાશે. તેમજ અસારવા,ગીરધરનગર, દિલ્હી દરવાજા, કાલુપુર તરફ જવું હોય તો શાહીબાગ થઇ મહાપ્રજ્ઞાજી બ્રીજનો ઉપયોગ કરી મુખ્ય માર્ગો તરફ જઇ શકાશે. **૩.** ગીરધરનગર–અસારવા તરફથી આવતો ટ્રાફિક જે જેને ગાંધીનગર,એરપોર્ટ તરફ જવાનું છે તે ટ્રાફિક શાહીબાગ થઇ અનેક્ષી, ગાયત્રી મંદીર થઇ આર્મી કેન્ટોનમેન્ટ થઇ એરપોર્ટ તેમજ ઇન્દીરાબ્રીજ ગાંધીનગર તરફ જઇ શકાશે.

જે અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

તા.૦૨/૦૪/૨૦૨૬

(નીરજ કુમાર બડગૂજર)
ઇ/ચા.સંયુકત પોલીસ કમિશનર
ટ્રાફિક,અમદાવાદ શહેર